Paper Code - 3917

M.A. Semester-III ECONOMICS (Old Course)
Mar-June -2021
C.E.-304 (D) BUSINESS ENVIRONMENT

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો :** ૫૦ **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો :** ૩૫

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

1. ધંધો કેવી પ્રવૃત્તિ છે?
   A. રાજકીય B. સામાજિક C. આર્થિક D. નૈતિક
2. નીચેના લક્ષણોમાંથી કયું લક્ષણ ધંધાકીય પર્યાવરણને લાગુ પડતું નથી?
   A. બહુમુખી પ્રક્રિયા B. જટિલ પ્રક્રિયા C. ઝડપથી પરિવર્તન પામતી પ્રક્રિયા D. પૂર્વનિર્ધારિત પ્રક્રિયા
3. ધંધાકીય પર્યાવરણમાં કોને અસર કરતાં પરિબળોનો સમાવેશ થાય છે?
   A. ધંધાને B. પર્યાવરણને C. માંગને D. પુરવઠાને
4. ધંધાકીય એકમની સફળતાનો આધાર કયા પરિબળો પર હોય છે?
   A. આંતરિક B. બાહ્ય C. ઉપરના બંને D. એકપણ નહીં
5. આર્થિક, સામાજિક, ભૌતિક, ધારાકીય અને ટેકનોલોજીકલ પરિબળોનો સમુચ્ચય એટલે
   A. પર્યાવરણ B. ધંધાકીય પર્યાવરણ C. આંતરિક પરિબળો D. બાહ્ય પરિબળો
6. ધંધાકીય પર્યાવરણ એક કેવી પ્રક્રિયા છે?
   A. જટિલ B. બહુમુખી C. ઉપરના બંને D. એકપણ નહીં
7. આંતરિક પર્યાવરણમાં કયા પરિબળોનો સમાવેશ થાય છે?
   A. નિયોજકના નૈતિક મૂલ્યો B. પેઢીના ઉદ્દેશો C. સંચાલકીય માળખું D. ઉપરના બધા જ
8. એકમલક્ષી પર્યાવરણમાં શાનો સમાવેશ થાય છે?
   A. નિક્ષેપો પુરા પાડનાર એકમો B. ગ્રાહકો C. બજાર મધ્યસ્થીઓ D. ઉપરના બધાજ
9. સમગ્રલક્ષી પર્યાવરણમાં ધંધાકીય પ્રવૃત્તિઓને અસર કરતા બૃહદ સ્વરૂપના કયા પરિબળોનો સમાવેશ થાય છે?
   A. આર્થીક B. બિન આર્થીક C. ઉપરના બંને D. એકપણ નહીં
10. આર્થીક સમગ્રલક્ષી પર્યાવરણના પેટા વિભાગમાં શાનો થાય છે?
    A. રાષ્ટ્રીય સમગ્રલક્ષી પર્યાવરણ B. આંતરરાષ્ટ્રીય સમગ્રલક્ષી પર્યાવરણ C. ઉપરના બંને D. એકપણ નહીં
11. રાષ્ટ્રીય આર્થિક પર્યાવરણમાં કયા પરિબળો મહત્વના ગણાય છે?
    A. આર્થિક પધ્ધતિ B. આર્થિક પરિસ્થિતિ C. આર્થિક સંસ્થા D. ઉપરના બધા જ
12. રાજય વ્યવસ્થાનું સ્વરૂપ, સરકારની વિચારધારા, કાનૂની વ્યવસ્થા, સમાજ વ્યવસ્થા, સાંસ્કૃતિક મૂલ્ય, વસ્તી વિષયક પરિબળો, ટેકનોલોજીનું સ્તર વગેરેનો સમાવેશ કયા પર્યાવરણમાં થાય છે?
    A. રાષ્ટ્રીય બિન આર્થિક પર્યાવરણ B. રાષ્ટ્રીય આર્થિક પર્યાવરણ C. આંતરરાષ્ટ્રીય પર્યાવરણ D. એકપણ નહીં
13. રાજકીય પર્યાવરણ, ધારાકીય પર્યાવરણ, કુદરતી પર્યાવરણ, ટેકનોલોજીકલ પર્યાવરણ કયા ધંધાકીય પર્યાવરણના મુખ્ય ઘટકો છે?
    A. આર્થિક B. બિન આર્થિક C. સામાજિક D. સાંસ્કૃતિક
14. મેન્યુફેકચરિંગ અને તેની સાથે સંબંધિત પ્રવૃત્તિઓના સર્વાંગી વિકાસને શું કહેવામાં આવે છે?
    A. ઔદ્યોગિક વિકાસ B. આર્થિક વિકાસ C. ઉપરના બંને D. એકપણ નહીં
15. સરકારની માલિકી અને સંચાલન હેઠળના એકમોના સમૂહને શું કહેવામાં આવે છે?
    A. ખાનગી ક્ષેત્ર B. જાહેર ક્ષેત્ર C. સેવા ક્ષેત્ર D. સંયુકત ક્ષેત્ર
16. વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંશોધન વગેરે સેવાઓના વિકાસની જવાબદારી કયા ક્ષેત્રની છે?
    A. ખાનગી ક્ષેત્ર B. જાહેર ક્ષેત્ર C. સંયુકત ક્ષેત્ર D. ઉપરના બધાજ
17. ખાનગી માલિકી અને સંચાલન હેઠળના સાહસોના સમૂહને શું કહેવાય?
    A. ખાનગી ક્ષેત્ર B. જાહેર ક્ષેત્ર C. સંયુકત ક્ષેત્ર D. ઉદારીકરણ
18. ભારતીય અર્થતંત્રમાં કયા ઉદ્યોગોનું વિશેષ મહત્વ રહેલું છે?
    A. વપરાશી વસ્તુઓના ઉદ્યોગો B. નાના અને કુટીર ઉદ્યોગો C. મોટા ઉદ્યોગો D. સેવા ક્ષત્રના ઉદ્યોગો
19. નાના કદના સાહસોમાં વણવપરાયેલી ઉત્પાદન ક્ષમતા માટે કયું પરિબળ જવાબદાર છે?
    A. મૂડી ખેંચ B. કાચા માલનો અપૂરતો પુરવઠો C. વીજળીની અનિયમિતતા D. ઉપરના બધાજ
20. બેરોજગારીના પ્રશ્નને હલ કરવામાં કયા ઉદ્યોગો સૌથી વધુ મદદરૂપ બની શકે છે?
    A. મોટા ઉદ્યોગો B. મધ્યમ કદના ઉદ્યોગો C. નાના કદના અને કુટીર ઉદ્યોગો D. આનુષંગિક ઉદ્યોગો
21. 2006 થી અતિ નાના ઉદ્યોગોની મૂડીરોકાણની મર્યાદા કેટલી નક્કી કરવામાં આવી?
    A. ૧૮ લાખ રૂપિયા B. ૨૫ લાખ રૂપિયા C. ૨૨ લાખ રૂપિયા D. ૩૦ લાખ રૂપિયા
22. આબિદ હુસેન સમિતિની ભલામણ અનુસાર નાના ઉદ્યોગોની મૂડીરોકાણની મર્યાદા કેટલી કરવામાં આવી છે?
    A. ત્રણ કરોડ રૂપિયા B. પાંચ કરોડ રૂપિયા C. ચાર કરોડ રૂપિયા D. આંઠ કરોડ રૂપિયા
23. મધ્યમ કદના ઉદ્યોગોની ઉત્પાદન પદ્ધતિ કેવી હોય છે?
    A. શ્રમ પ્રધાન B. મૂડી પ્રધાન C. શ્રમ–મૂડી પ્રધાન મિશ્ર D. ઉપરના બધા જ
24. ભારતમાં મધ્યમ કદના સાહસોનું મહત્વ કયા કારણસર રહેલું છે?
    A. હરિયાળી ક્રાંતિની જરૂરિયાતો સંતોષવાની દૃષ્ટિએ B. રોજગારી પૂરી પાડવાની દૃષ્ટિએ
    C. ઔદ્યોગિક વિકેન્દ્રીકરણની દૃષ્ટિએ D. ઉપરના બધા જ
25. મધ્યમ કદના સાહસોમાં ઉત્પાદકતાનો વિશેષ આધાર શેના પર રહેલો છે?
    A. કાચામાલની પ્રાપ્તિ B. માનવશ્રમની પ્રાપ્તિ C. નિયોજકની કુશળતા D. વીજળીના પુરવઠાની પ્રાપ્તિ
26. 1991 ની ઔદ્યોગિક નીતિમાં કેટલી વસ્તુઓને નાના કદના સાહસો માટે અનામત રાખવામાં આવી?
    A. 720 B.836 C. 650 D. 950

27. 1991 ની ઔદ્યોગિક નીતિમાં કેટલા ઉદ્યોગો માટે લાયસન્સ પ્રથા ચાલુ રાખવામાં આવી છે?
A. 15 B. 17 C. 18 D. 21
28. 1991 ની ઔદ્યોગિક નીતિમાં ઉદ્યોગો માટે ૮૩૬ વસ્તુઓનું ઉત્પાદન અનામત રાખવામાં આવ્યું હતું?
A. મધ્યમ કદના B. નાના કદના C. મોટા કદના D. ગૃહ ઉદ્યોગો
29. વર્તમાન ઔદ્યોગિક નીતિમાં સરકારે ખાનગી ક્ષેત્રના વિકાસ માટે કઈ નીતિ અપનાવી છે?
A. ઉદારીકરણ B. વૈશ્વીકરણ C. ખાનગીકરણ D. એકપણ નહીં
30. ભારતમાં ખરા અર્થમાં આર્થિક સુધારાઓનો અમલ કઈ ઔદ્યોગિક નીતિમાં કરવામાં આવ્યો છે?
A. 1953 B. 1985 C. 1991 D. 1981
31. 1991 થી અમલમાં મૂકવામાં આવેલ આર્થિક સુધારાઓમાં નીચેનામાંથી કઈ પ્રક્રિયાનો સમાવેશ થતો નથી?
A. રાષ્ટ્રીયકરણ B. ઉદારીકરણ C. ખાનગીકરણ D. વૈશ્વિકીકરણ
32. વર્તમાન ઔદ્યોગિક નીતિમાં ૫૧ ટકા વિદેશી મૂડીરોકાણ થઈ શકે તેવા ઉદ્યોગોની કુલ સંખ્યા કેટલી નકકી કરવામાં આવી છે?
A. 33 B. 34 C. 35 D. 36
33. 1991 ની ઔદ્યોગિક નીતિમાં બેન્કિંગ ક્ષેત્રે વિદેશી મૂડી કેટલી આવકારવાની છૂટ આપવામાં આવી છે?
A. ૪૦ ટકા B. ૪૧ ટકા C. ૪૯ ટકા D. ૫૧ ટકા
34. વર્તમાન ઔદ્યોગિક નીતિમાં ભારતમાં હોટેલ તથા ટુરીઝમમાં કેટલી વિદેશ મૂડી આવકારવાની છૂટ આપવામાં આવે છે?
A. 25 ટકા B. 50 ટકા C. 75 ટકા D. 100 ટકા
35. બારમી પંચવર્ષીય યોજના લક્ષ્યાંકોની દૃષ્ટિએ કેવી છે?
A. મહત્વકાંક્ષી B. વાસ્તવદર્શી C. અતિ મહત્વકાંક્ષી D. આદર્શલક્ષી
36. બારમી યોજનામાં કઈ પાયાની સમસ્યા પર ભાર મૂકવામાં આવ્યો છે?
A. ગરીબી B. પ્રાદેશિક અસમાનતા C. બેરોજગારી D. ઉપરના બધા જ
37. 12 મી યોજનામાં નીચેનામાંથી કોનો સમાવેશ મુખ્ય કાર્યક્રમોમાં થાય છે?
A. ગરીબી નિવારણ B. બેરોજગારી નિવારણ C. ખેત વિકાસ D. ઉપરના બધા જ
38. 12 મી યોજનામાં ઔદ્યોગિક ક્ષેત્રે કેટલા ટકા વૃદ્ધિદર હાસલ કરવાનું નકકી કરવામાં આવ્યું છે?
A. 8 B. 9 C. 10 D. 11
39. ભારતમાં નરસિંહરાવની સરકારે આર્થિક ક્ષેત્રે સુધારા કરવાના હેતુથી નવી આર્થિક નીતીની જાહેરાત કયારે કરી હતી?
A. 24 જુલાઈ 1991 B. 21 ઓગષ્ટ 1991 C. 26 જાન્યુઆરી 1991 D. 05 ઓગષ્ટ 1992
40. ભારતમાં ૧૯૯૨થી વિદેશ વ્યપાર નીતિ કેટલા વર્ષ માટે કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી?
A. 2 વર્ષ B. 3 વર્ષ C. 5 વર્ષ D. 7 વર્ષ
41. 1992 નીનવી વિદેશ વેપાર નીતિમાં નિકાસોને લગતો નીચેનામાંથી કયો ફેરફાર કરવામાં આવ્યો?
A. જકાત પરત કરવાની યોજનાનો B. રોકડ વળતર સહાયની નાબૂદીનો
C. આયાત પુનઃપૂર્તિ યોજનાનો D. ઉપરોકત બધા જ
42. 2002-2007 ની આયાત–નિકાસોને લગતો નીચેનામાંથી કયો ફેરફાર કરવામાં આવ્યો?
A. કસ્ટમ ડયૂટીમાં ઘટાડો B. નિકાસોને પ્રોત્સાહન C. અમુક અનિવાર્યવાહી ૨૬ D. ઉપરોકત બધા જ
43. 2002-2007 ની આયાત–નિકાસ નીતિના સ્થાને બદલાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નીચેનામાંથી કઈ વિદેશ વેપાર નીતિની જાહેરાત કરવામાં આવી હતી?
A. 2005-2009 B. 2004-2009 C. 2003-2007 D. 2006-2010
44. 2004-2009 ની વિદેશ વ્યાપાર નીતિમાં કૃષિ વિકાસ માટે કઈ યોજના શરૂ કરવામાં આવી?
A. કૃષિ વિકાસ યોજના B. કૃષિ વિકાસ નિકાસ યોજના C. ઉપજ યોજના D. કૃષિ ક્રાંતિ યોજના
45. વિદેશ વ્યાપાર નીતિમાં સેવાઓની નિકાસોને પ્રોત્સાહિત કરવા માટે નીચેનામાંથી કઈ પરિષદ સ્થાપવામાં આવી હતી?
A. સેવા વિકાસ પરિષદ B. સેવા નિકાસ સંવર્ધન પરિષદ C. સેવા નિકાસ પરિષદ D. સેવા નિકાસ પ્રોત્સાહન પરિષદ
46. ભારત જેવા વિકાસ સાધતા દેશ માટે વિદેશી મૂડીની જરૂરિયાત શા માટે છે?
A. આંતરમાળખા વિકાસ માટે B. મૂડી રોકાણની ઉચ્ચ સપાટી જાળવી રાખવા માટે
C. લેણદેણતુલાની ખાદ્ય ઘટાડવા માટે D. ઉપરોકત બધા જ
47. વિદેશી મૂડી લેણદારોની તુલામાં _____
A. ખાધ વધારવામાં ઉપયોગી બને છે B. ખાધ ઘટાડવામાં ઉપયોગી બને છે
C. સમતુલા ઉભી કરવા ઉપયોગી બને છે D. એક પણ નહીં
48. વિદેશી મૂડી અને વિદેશી સહાય દ્વારા અર્થતંત્રમાં વિવિધ ક્ષેત્રે ઉત્પાદન વૃદ્ધિ સરળ અને ઝડપી બનતા શું થાય?
A. ફુગાવો વધે છે B. ફુગાવાનું નિયંત્રણ C. મંદી D. કોઈ જ ફેરફાર થતો નથી
49. ભારતમાં વિદેશી મૂડી અને વિદેશી સહાય આવતા _____
A. ખેતી ક્ષેત્રનો વિકાસ થયો B. ઉદ્યોગ ક્ષેત્રનો વિકાસ થયો C. સેવા ક્ષેત્રનો વિકાસ થયો D. સર્વાંગી વિકાસ થયો
50. કયા સ્વરૂપે મળેલ વિદેશી સહાયને પરત કરવાની હોય છે?
A. લોન B. અનુદાન C. યંત્રો D. ટેકનિકલ જ્ઞાન